**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી.વિભાગ**
**અખબારી યાદી**

**નવો પૂર્વ (સરથાણા) ઝોન , વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામ ધામ મંદિર ચાર રસ્તાની પાછળ, સુરત ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦** કલાક દરમ્યાન **નવો પૂર્વ (સરથાણા) ઝોન , વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામ ધામ મંદિર ચાર રસ્તાની પાછળ, સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા અગિયારમાં તબક્કાનાં બીજા "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી એ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આજે ૧૦૧ માં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરી શહેરીજનોને સરકારશ્રીની અનેક સેવાઓનો લાભ તેઓના આંગણે આવીને આપવામાં આવી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાના તથા સરકારશ્રીના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા સારી કામગીરી કરવાથી સેવાસેતુ કાર્યક્રમ સફળ થયેલ છે. વધુમાં મા.મેયરશ્રીએ સેવાસેતુ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોને સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે તેમજ અન્ય જરૂરિયાતમંદ લોકોને લાભ લેવા જણાવવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી હતી. સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી / વસુલાત / પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ,વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન **કુલ ૨૧૧૯** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય,વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૬૧૫
તા. ૧૦/૦૩/૨૦૨૬